# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

શ્રાવણ વદ - ૦૪/૦૫ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર



સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**

સરસ ને બદલે સરળ બનવાનો પ્રયત્ન કરીએ કારણ કે, સરસ માત્ર આંખો સુધી પહોંચે છે જ્યારે સરળ હૃદય સુધી!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૭૩ ● તારીખઃ ૦૧.૦૯.૨૦૨૬, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# SCO સમિટમાં પીએમ મોદીનો દ્વિપક્ષીય વાર્તાલાપઃ બિશ્કેકમાં પુતિન સાથે મહત્ત્વપૂર્ણ બેઠક

## યુદ્ધનો દરેક દિવસ માનવતાને પાછળ ધકેલે છેઃ રશિયા-યુક્રેન શાંતિ માટે પીએમ મોદીનો ભાર; ઈરાન અને આર્મેનિયાના રાષ્ટ્રાધ્યક્ષો સાથે પણ કરી મુલાકાત



**સમય સંદેશઃ ડેસ્ક**

કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેક ખાતે આયોજિત શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન શિખર સંમેલનમાં ભાગ લેવા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી. આ બેઠક દરમિયાન પીએમ મોદીએ રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અંગે ચિંતા વ્યક્ત કરતાં સ્પષ્ટ કર્યું હતું કે ભારત શાંતિનો પક્ષધર છે, કારણ કે યુદ્ધનો દરેક દિવસ માનવતાને પાછળ ધકેલી રહ્યો છે. સામે પક્ષે રશિયાના રાષ્ટ્રપતિ પુતિને ભારત સાથેના વિશેષાધિકાર પ્રાપ્ત ભાગીદારીના સંબંધો વધુ મજબૂત બની રહ્યા હોવાનું જણાવી પીએમ મોદીના પ્રયાસોની સરાહના કરી હતી. બિશ્કેકમાં યોજાઈ રહેલી આ SCO સમિટની થીમ 'શાંતિ, વિકાસ અને સમૃદ્ધિ માટે સાથે મળીને આગળ વધવું' રાખવામાં આવી છે, જેમાં ભારત, ચીન,

અનુ પાના નં.૨ પર

# ઉના નજીક નવાબંદરના દરિયામાં બોટ ડૂબીઃ ૬ ખલાસીઓનો આબાદ બચાવ



**સમય સંદેશઃ ઉના**

ઉના નજીક આવેલા નવાબંદરના દરિયામાં એક મોટી હોનારત ટળી હતી, જ્યાં દરિયામાં આશરે ૧૦ નોટિકલ માઈલ દૂર એક ફિશિંગ બોટ અચાનક ડૂબવા લાગી હતી. બોટ ડૂબવાની આ ઘટનાનો ભયાનક લાઈવ વીડિયો સામે આવ્યો છે. જેમાં બોટ ધીમે-ધીમે દરિયાના ઊંડા પાણીમાં ગરકાવ થતી જોઈ શકાય છે.

મળતી વિગતો અનુસાર, જળસમાધિ લેનાર આ બોટ આરીફ મોહમ્મદ નામના વ્યક્તિની માલિકીની હતી. બોટ જ્યારે દરિયામાં પોતાના નિયમિત રૂટ પર હતી ત્યારે અચાનક આ અકસ્માત

અનુ પાના નં.૨ પર

# મજબૂત ઘરેલું માંગ, નિકાસ અને સરકારી મૂડીગત ખર્ચના જોરે વિકાસ દર વધીને ૬.૯ ટકાથી ૭.૮ ટકા નોંધાયો

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (ચ૧) ભારતની અર્થવ્યવસ્થાએ ૭.૮ ટકાનો મજબૂત જીડીપી (GDP) વૃદ્ધિ દર નોંધાવીને વિશ્વ સમક્ષ પોતાની આર્થિક મજબૂતાઈનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં નોંધાયેલા ૬.૯ ટકાના વિકાસ દરની સરખામણીએ આ વખતે નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. સરકારી આંકડા અનુસાર, વૈશ્વિક સપ્લાઈ ચેઈનની સમસ્યાઓ અને કોમોડિટીના વધતા ભાવ વચ્ચે પણ મજબૂત ઘરેલું માંગ, નિકાસમાં વધારો અને સરકારના મૂડીગત ખર્ચે આ આર્થિક વિકાસને વેગ આપવામાં સૌથી મહત્વની ભૂમિકા ભજવી છે. આ ઉપરાંત ગ્રોસ વેલ્યુ એડેડમાં ૮.૨ ટકા અને નોમિનલ જીડીપીમાં ૧૦.૩ ટકાની વૃદ્ધિ થઈ છે.

# મહેસૂલી કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આંદોલનનું રણશિંગૂ

## જામનગરમાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવી વિરોધ નોંધાવાયોઃ નવીન જોબચાર્ટ રદ કરવા, બઢતી-બદલીના અન્યાય સામે અને ઓનલાઈન ફેરબદલી સહિતની ૧૪ માંગણીઓને લઈ તબક્કાવાર કાર્યક્રમોની જાહેરાત

**સમય સંદેશઃ જામનગર**

રાજ્ય મહેસૂલી મહામંડળના આદેશ અનુસાર જામનગર જિલ્લા રેવન્યુ કર્મચારી મંડળ (વર્ગ-૩) દ્વારા મહેસૂલી કર્મચારીઓના પડતર પ્રશ્નો, અન્યાયી બદલીઓ અને મહેસૂલી તલાટીઓના વાસ્તવિકતા વિહોણા નવીન જોબચાર્ટ સામે આંદોલનાત્મક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રમુખ ભરતસિંહ એચ. ઝાલા તથા હોદ્દેદારોની આગેવાની હેઠળ જામનગર કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને કર્મચારીઓએ પોતાના પડતર મુદ્દાઓ અંગે ઉગ્ર રજૂઆત કરી હતી. મંડળે સ્પષ્ટ કર્યું છે કે 'Work to Rule' કાર્યક્રમ દરમિયાન બે નાયબ મામલતદારોની સમંતિ વિના ૪૦૦ કિલોમીટર દૂર બદલી કરી



તસવીરઃ હિરેન ગાંધી

ઉશ્કેરણીજનક પગલું ભરવામાં આવ્યું છે, જેના કારણે કર્મચારીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે.

કર્મચારી મંડળ દ્વારા મુખ્ય ૧૪ મુદ્દાઓની માંગણીઓ કરવામાં આવી છે, જેમાં મહેસૂલી તલાટીઓના જોબચાર્ટમાંથી અન્ય વિભાગોની કામગીરી તાત્કાલિક દૂર કરવી, વર્ષ ૨૦૧૨ના નાયબ મામલતદારોને બઢતી આપવી, સીધી ભરતી પ્રક્રિયા બંધ કરવી અને NOC પ્રથા રદ કરી ઓનલાઈન બદલી પોર્ટલ શરૂ કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત e-Dhara, Digital Gujarat અને Sugam જેવા પોર્ટલમાં બિનજરૂરી OTP અને Thumb પદ્ધતિના કારણે થતો સમયનો બગાડ તથા માનસિક તણાવ ઘટાડવા માટે પણ કલેકટરશ્રી મારફતે સરકારમાં રજૂઆત કરવામાં આવી છે.

મહેસૂલી કર્મચારી મંડળે આગામી આંદોલનાત્મક કાર્યક્રમોની સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું છે કે ગઈકાલે સોમવારે કાળી પટ્ટી ધારણ કરી આવેદનપત્ર આપ્યા બાદ, આગામી તા. ૦૭ સપ્ટેમ્બરના રોજ કાળી પટ્ટી ધારણ કરી 'પેન ડાઉન' કરાશે. ત્યાર બાદ તા. ૦૮ સપ્ટેમ્બરે તમામ કર્મચારીઓ માસ સી.એલ. પર ઉતરશે અને જો તેમ છતાં પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો તા. ૧૦ સપ્ટેમ્બરથી અનિશ્ચિત મુદતની હડતાળ પાડવામાં આવશે. મંડળે ઉમેર્યું હતું કે આ વિરોધ વહીવટી તંત્ર સામે વ્યક્તિગત નથી પરંતુ નીતિગત પ્રશ્નો માટે છે, અને અરજદારોને પડતી અગવડ બદલ દિલગીરી પણ વ્યક્ત કરી છે.

# જન્માષ્ટમી ફિક્કી બનશે! સપ્ટેમ્બરમાં સસ્તા અનાજની દુકાનેથી ગરીબોને ખાંડ નહીં મળે, રાજ્યમાં અછત

**સમય સંદેશઃ ગાંધીનગર**

રાજ્યમાં સાતમ આઠમનો તહેવાર આવી રહ્યો છે, નાગરિકો રંગે ચંગે તૈયારીઓ પણ કરી રહ્યા છે, કાના ના જન્મ દિવસે મીઠી ખીર પણ બનાવશે પણ આ વર્ષે ઇડક કાર્ડ ધારકોના ઘરે ભગવાન લાલા ની મિષ્ટી પણ હવે ફિક્કી બનશે કારણ કે રાજ્ય સરકાર પાસે ખાંડ નો જથ્થો પૂરતો ન હોવાના કારણે સપ્ટેમ્બર માસમાં સસ્તા અનાજની દુકાન થી ગરીબોને ખાંડ નહીં મળે.

સમગ્ર રાજ્યના ખાંડ નું અછત સર્જાઈ છે, મુખ્ય બજારમાં ખાંડના ભાવ ૮૦ રૂપિયે પ્રતિ કિલો થયા છે ત્યારે હવે ગરીબો ના ઘર માં પણ સપ્ટેમ્બર માસમાં ખાંડ જોવા નહીં મળે કારણ કે સસ્તા અનાજની દુકાનો માંથી BPL અને અંત્યોદય કાર્ડ ધારકોને ખાંડ ફાળવવામાં નહીં આવે, સપ્ટેમ્બર માસ માં જે ટિકિટ અને પરમિટ ઇસ્યુ કરવામાં આવી છે એમાં ખાંડ નું કોલમ જ કાઢી નાખવામાં આવ્યું છે જ્યારે મળતી માહિતી પ્રમાણે ગુજરાત માં કુલ ૭૦ લાખ થી વધુ લોકોને દર મહિને ૧ કિલો ખાંડ ફાળવવામાં આવે છે ત્યારે આ મહિને તહેવારો પણ આવતા હોવાથી ભગવાનના પ્રસાદ પણ ફિક્કો બનાવવો પડશે. સસ્તા અનાજ ની દુકાનમાંથી ખાંડ નહીં મળે તે બાબતે દર્દિ ની ટીમ દ્વારા સસ્તા અનાજની દુકાને પર રિયાલિટી ચેક કરવામાં આવ્યું હતું જેમાં ગ્રાહકો ખાંડ કેમ નથી આવી તેવા પ્રશ્નો કરી રહ્યા છે જ્યારે લાભાર્થીઓએ દુઃખ વ્યક્ત કરતાં નિવેદન આપ્યું હતું કે એક તો તહેવારો માથે છે અને

અનુ પાના નં.૨ પર

## જામનગર - લાલપુર ધોરીમાર્ગ પર ચેલા-ચંગા વચ્ચે મધરાત્રે સર્જાયેલા અકસ્માતમાં ત્રણ વ્યક્તિના અંતરિયાળ મૃત્યુથી ભારે અરેરાટી

# જામનગરના ચેલા નજીક ગમખ્વાર ત્રિપલ અકસ્માતમાં ત્રણના મોત

## કિયા, રિક્ષા અને બાઇક વચ્ચે ભીષણ અથડામણઃ 'બી' ડિવિઝનની પોલીસ ટુકડી દોડતી થઈઃ સેવા કેમ્પના સેવાદારો પણ મદદમાં જોડાયા : રિક્ષાચાલક અને બાઇક સવારના બે યુવકના મોત, બાળકો સહિત સાત ઘાયલ વ્યક્તિ સારવાર માટે જી.જી.હોસ્પિટલ ખસેડાયા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર-લાલપુર ધોરીમાર્ગ પર મધરાતે આશરે બે વાગ્યાના અરસામાં ચંગા રોડ વિસ્તારમાં ગમખ્વાર ટ્રિપલ અકસ્માત સર્જાતાં ભારે અરેરાટી ફેલાઈ હતી. એક કિયા કાર, પેસેન્જર ઓટોરિક્ષા અને ડબલસવારી બાઇક વચ્ચે સર્જાયેલા આ ભીષણ અકસ્માતમાં ત્રણેય વાહનોના કૂચા નીકળી ગયા હતા. શ્રાવણ માસના ત્રીજા સોમવારે લાલપુર નજીક આવેલા ભોળેશ્વર મહાદેવના દર્શનાર્થે જતાં ભાવિકોની વાહનોની અવરજવર વચ્ચે સર્જાયેલી આ દુર્ઘટનામાં ત્રણ વ્યક્તિઓના સ્થળ પર જ કરૂણ મોત નીપજ્યા હતા.

પોલીસ તપાસ અનુસાર, અકસ્માતમાં ઓટોરિક્ષા ચાલક ગુલાબભાઈ બારોટ (ઉં.વ. ૬૦) તેમજ બાઇક પર સવાર જામનગરના બે યુવાનો નવીન પઠાણ અને નોમન સમાનું ગંભીર ઇજાઓ થવાના કારણે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ નજીકમાં સેવા કાર્યમાં જોડાયેલા યુવાનો અને ૧૦૮ એમ્બ્યુલન્સની ત્રણ ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને ઇજાગ્રસ્તોને બહાર કાઢી સારવાર અર્થે હોસ્પિટલ પહોંચાડવામાં મદદ કરી હતી.

આ ત્રિપલ અકસ્માતમાં ધારાબેન બારોટ (ઉં.વ. ૪૦), આશી બારોટ (ઉં.વ. ૧૧), અંજલી મોખરા (ઉં.વ. ૧૦), ક્રિશ મોખરા (ઉં.વ. ૧૦), ચંદ્રિકાબેન મોખરા (ઉં.વ. ૫૫), દર્શન બારોટ (ઉં.વ. ૧૩) અને પરમ રાજેશભાઈ (ઉં.વ. ૧૫) સહિત સાત વ્યક્તિઓ ઇજાગ્રસ્ત થયા હતા. તમામ ઘાયલોને તાત્કાલિક જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

બનાવની જાણ થતાં પંચકોશી બી ડિવિઝન પોલીસ મથકના પી.આઈ. વી.જે. રાઠોડ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે જી.જી. હોસ્પિટલ ખસેડી ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે. આ અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો અને કોની બેદરકારી જવાબદાર હતી તે દિશામાં પોલીસે સઘન ૮ આરંભી છે.

# જામનગર અને ખંભાળિયામાં લોકમેળાનો ધમધમાટઃ નાગરિકોમાં ભારે ઉત્સાહ

## આજે સાતમ-આઠમના મેળાનો પ્રારંભ તો શિરેશુરના મેળા માટે ૨ સપ્ટેમ્બરે હરાજીઃ પ્રદર્શન મેદાન ખાતે પાંચ દિવસીય મેળો શરૂ જ્યારે શક્તિનગરમાં રખ પાંચમના મેળા માટે વહીવટી તંત્ર દ્વારા આયોજન આખરી ઓપમાં




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર/ખંભાળિયા**

જામનગરમાં આતુરતાપૂર્વક જેની રાહ જોવાતી હતી તે સાતમ-આઠમનો પરંપરાગત ભાતીગળ લોકમેળો આજથી પ્રદર્શન મેદાન ખાતે રંગેચંગે શરૂ થઈ ગયો છે. પાંચ દિવસ સુધી ચાલનારા આ મેળામાં આકાશી ઝૂલા, વિવિધ ચકડોળ, ખાણી-પીણી અને રમકડાંના સ્ટોલ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. સૈલાણીઓની સુરક્ષા માટે સીસીટીવી અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

બીજી તરફ, ખંભાળિયાના શક્તિનગર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા શિરેશૂર મહાદેવ મંદિરના પટાંગણમાં ભાદરવા સુદ ત્રીજથી છઠ્ઠ સુધી (તા. ૧૪ થી ૧૭ સપ્ટેમ્બર) ચાર દિવસીય 'રખ પાંચમ'ના મેળાનું આયોજન કરાયું છે. 'મીની તરણેતર' તરીકે ઓળખાતા આ મેળા માટે ચકડોળ, મનોરંજનના સાધનો અને ખાણી-પીણીના સ્ટોલ્સ માટેના પ્લોટની જાહેર હરાજી બુધવારે સવારે ૯ વાગ્યે યોજાશે.

શક્તિનગર ખાતે યોજાનારી આ જાહેર હરાજી ટીડીઓ અને પ્રાંત કચેરીના અધિકારીઓની ઉપસ્થિતિમાં થશે. મેળાના સફળ આયોજન માટે સરપંચ પૂનમબેન મયુરભાઈ નકુમ, ઉપસરપંચ નાગલબેન ભીખુભાઈ ધારાણી તથા તલાટી કમ મંત્રી પી.ડી. વિંઝુડા સહિતના પંચાયત પરિવાર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

સૌરાષ્ટ્રમાં સાતમ-આઠમ એટલે દિવાળી... દિવાળી જેટલું જ મહત્વ આ તહેવારોને મળતું હોવાના કારણે જામનગર અને ખંભાળિયાના નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# જામનગરના પ્રદર્શન મેદાન પાસે આવેલ સરકારી ક્વાર્ટરનો દૂરઉપયોગઃ વીડિયો વાયરલ થતાં ચકચાર

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ગૌરવ પથ પર આવેલી પ્રદર્શન મેદાન નજીકની સરકારી વસાહતમાં ૨૫ વર્ષથી બંધ પડેલા વર્ગ-૪ના કર્મચારીઓ માટેના ત્રણ માળિયા ક્વાર્ટર્સનો ગેરકાયદે ઉપયોગ થતો હોવાનો વીડિયો સામે આવ્યો છે. ૨૦૦૧ના ભૂકંપ બાદ જર્જરિત જાહેર કરીને ખાલી કરાવવામાં આવેલા આ વન બેડરૂમ-કિચનના ૪૮ ફ્લેટો આજે પણ અડીખમ ઉભા છે. આ મામલે વાયરલ થયેલા વીડિયોમાં



તસવીરઃ હિરેન ગાંધી

અનઅધિકૃત વ્યક્તિઓએ ક્વાર્ટર્સમાં પોતાના તાળા મારીને સામાન રાખ્યો હોવાનું સ્પષ્ટપણે જોવા મળે છે, જેના કારણે સરકારી કોલોનીમાં સિક્યુરિટી અને તંત્રની બેદરકારી અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

આ સરકારી વસાહતમાં હાલમાં પણ ક્લાસ-૧ અને ક્લાસ-૨ના ઉચ્ચ અધિકારીઓ તથા મામલતદારો પરિવાર સાથે નિવાસ કરે છે. છતાં પણ તેમના કેમ્પસમાં જ આવેલા આ ખાલી ક્વાર્ટર્સ અંગે

અનુ પાના નં.૨ પર

# જન્માષ્ટમીના તહેવાર ટાંકણે તેલના ભાવ ઘટયા

## ત્રણ દિવસમાં સીંગતેલમાં ડબ્બે ૪૦ અને કપાસીયા તેલમાં ૨૫નો ઘટાડો

**સમય સંદેશઃ જામનગર**

જન્માષ્ટમીના તહેવારો આગામી તા.૩૧મીથી શરૂ થઈ રહેલ છે ત્યારે જ તહેવારમાં જેનો સૌથી વધુ ઉપયોગ થાય છે તેવા સીંગતેલ અને કપાસિયાના તેલના ભાવમાં ઘટાડો થયો છે અને માત્ર ત્રણ દિવસમાં જ સીંગતેલના ભાવમાં ડબ્બે રૂ.૪૦ અને કપાસિયા તેલના ભાવમાં રૂ.૨૫નો ઘટાડો થયો છે.

બજારમાં મોટાભાગની ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે.અનાજ જ નહીં બલ્કે કઠોળના ભાવમાં વધારો થઈ




રહ્યો છે.જોકે સરકાર દ્વારા ભાવો કાબુમાં રાખવા માટે કેટલાક કઠોળની આયાતને નિઃશુલ્ક આયાત કરવાની છુટ આપીછે. આ ઉપરાંત ખોડના ભાવમાં પણ વધારો થવા લાગતા સરકાર દ્વારા ડ્યુટી ફ્રી આયાતની છૂટ આપવામા આવી છે તેને કારણે ખાંડના ભાવમાં થોડો ઘણો ઘટાડો જોવા મળી રહ્યો છે પણ હજું પહેલાની માફક ખાંડના ભાવો થયા નથી. ખાદ્ય તેલની માફક ખાંડનો પણ જન્માષ્ટમીના તહેવારમાં વધારે ઉપાડ રહેતો છે.

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં સી ડિવિઝન પોલીસ દ્વારા વાહન ચેકીંગ




તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના શરૂ સેકશન રોડ પર સીટી-સી ડિવિઝન પોલીસ દ્વારા વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ ટીમે રોડ પરથી પસાર થતા વાહનોને અટકાવી વાહનના દસ્તાવેજો, ડ્રાઇવિંગ લાઇસન્સ સહિતની જરૂરી ચકાસણી કરી હતી. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ ટ્રાફિક નિયમોનું પાલન થાય તે માટે પોલીસ દ્વારા સમયાંતરે આવા ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યા છે. ચેકિંગ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી.

# કનસુમરા પાટિયા નજીક વધુ એક જીવલેણ અકસ્માત

## ટ્રક અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માતમાં બાઈક સવાર કિશોરનું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના કનસુમારા પાટિયા નજીક ફરી એક વખત ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. મૂળ ઝારખંડના અને હાલ ગોકુલનગર વિસ્તારમાં રહેતા ૧૬ વર્ષીય સવીઉલખાન સમ્માનખાન પઠાણ મોટરસાઇકલ લઇને દરેડ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન કનસુમારા પાટિયા નજીક પૂરઝડપે અને બેફિકરાઈથી આવી રહેલા ટ્રક (GJ-10-AT-5254)ના ચાલકે બાઇકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કિશોર રસ્તા પર પટકાતાં તેને માથા, જમણા પગ અને છાતીના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી.

અકસ્માત સર્જાયા બાદ ટ્રક ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે જ મૂકીને નાસી છૂટચો હતો. ઘટનાની જાણ થતાં જ રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી ઇજાગ્રસ્ત કિશોરને સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડચો હતો. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવથી મૃતકના પરિવારમાં અરેરાટી સાથે શોકનો માહોલ છવાઈ ગયો છે.

આ અંગે મૃતકના ભાઈ અસમીરખાન સમ્માનખાન (ઉ.વ.૨૨) ની ફરિયાદના આધારે પોલીસે ફરાર ટ્રક ચાલક સામે ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. કનસુમારા પાટિયા અને આસપાસના માર્ગો પર અવાર નવાર સર્જાતા અકસ્માતોને કારણે સ્થાનિકોમાં માર્ગ સલામતી અંગે ભારે રોષ અને સવાલો ઉઠી રહ્યા છે.

# જામનગર પંથકમાં આપઘાત અને અપમૃત્યુની ચાર ઘટના

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ બે સગીરાના આપઘાત સહિત મોતના ચાર બનાવ નોંધાતાં અરેરાટી વ્યાપી ગઈ છે. વીજરખી ગામે ખેત મજૂરી કરતા મૂળ મધ્યપ્રદેશના પરિવારની ૧૪ વર્ષીય રેશમાબેન રાયચંદભાઈ વાસ્કેલાને પ્રેમસંબંધ બાબતે પરિજનોએ ઠપકો આપતાં, તેણીએ મનમાં લાગી આવવાથી ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. જયારે નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય આનંદીબેન મનોજભાઈ ગોહીલ નામની કિશોરીએ પોતાના ઘરે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો, જેને સારવાર અર્થે ખસેડાતાં તબીબોએ મૃત જાહેર કરી હતી.

આ ઉપરાંત અન્ય બે બનાવોમાં શ્રમિકોના મોત નિપજ્યા

અનુ પાના નં.૨ પર

# જામનગર ડેપોના ડ્રાઈવર જે.ડી. ગોહિલ નિવૃત્ત થતાં એસ.ટી. મઝદૂર સંઘ દ્વારા સન્માન કરાયું



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર ડેપોના ડ્રાઇવર જે.ડી. ગોહિલ સેવા નિવૃત્ત થતાં જામનગર વિભાગ એસ.ટી. મઝદૂર સંઘ દ્વારા તેમનો સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મઝદૂર સંઘના મહામંત્રી ભીમશીભાઈ ચાવડા, પ્રદેશ મંત્રી રાજદિપસિંહ ગોહીલ, કાર્યાલય મંત્રી સોલંકીભાઈ, તેમજ સંઘના આગેવાનો વાળા ભાઈ, સુરેશભાઈ પરમાર, રાકેશગીરી અને લગધીરસિંહ ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત હોદ્દેદારો અને આગેવાનો દ્વારા નિવૃત્ત થતા ડ્રાઇવર જે.ડી. ગોહિલને માં આશાપુરાની છબી અર્પણ કરી અને સાલ ઓઢાડીને ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ભાટિયામાં તિલક નદી પરનો નવો કોઝવે તાલુકા પંચાયત પ્રમુખના હાથે ખુલ્લો મુકાયો



**સમય સંદેશઃ ભાટિયા**
**(અશ્વિન જોશી દ્વારા)**

દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકા પંચાયતની ગ્રાન્ટમાંથી ભાટિયા ગામે તિલક નદી પર નિર્માણ પામેલા નવા કોઝવેનું તાલુકા પંચાયત પ્રમુખ પુરીબેન બાબુભાઈ ગોજીયાના હસ્તે રીબન કાપીને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ભાટિયા ગામે શિવ પાર્ક-૨, વાણંદ સોસાયટી, શ્રીજી નગર અને વાડી વિસ્તારને જોડતો આ કોઝવે છેલ્લા ઘણા વર્ષોથી જર્જરિત અને અગવડભર્યો હતો, જેના કારણે દર ચોમાસામાં સ્થાનિકો અને ખેડૂતોને લાંબો ફેરો ફરીને આવવું-જવું પડતું હતું. સોસાયટીવાસીઓ અને ખેડૂતોની રજૂઆતને ધ્યાને લઈ આ પ્રશ્નનો ઉકેલ લવાતાં નવનિર્મિત કોઝવે ખુલ્લો મુકાતાં ગ્રામજનોમાં ભારે આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

આ લોકાર્પણ પ્રસંગે માજી ઉપસરપંચ બાબુભાઈ ગોજીયા, જેઠાભાઈ ચાવડા, પરેશભાઈ દાવડા, ઉકાભાઇ કણજારીયા, વેપારી આગેવાન નીતિનભાઈ નથવાણી, સતવારા સમાજના પ્રમુખ નરસિંહભાઈ સોનગરા, મશરીભાઈ ગોજીયા, ઓશુભાઈ ચાકી અને કલાભાઈ પરમાર સહિતના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે તાલુકા પ્રમુખે આવનારા દિવસોમાં ભાટિયા ગામના મુખ્ય રોડ-રસ્તાઓ અને પાણીના પ્રશ્નો હલ કરવાની ખાતરી આપી હતી. જયારે સ્થાનિકોએ પી.આર.એસ. હાઇસ્કૂલથી આશાપુરા મંદિર સુધીનો રસ્તો અને કેસરિયા તળાવ પાછળનો બિસ્માર રસ્તો પણ તાત્કાલિક નવા બનાવવાની માંગ કરી હતી.

# જામનગરમાં બોળચોથની ઉજવણી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જન્માષ્ટમીના તહેવારની ઉજવણીના ત્રીજા શ્રાવણી સોમવાર અને બોળચોથથી પ્રારંભ થયો છે. હિન્દુ ધર્મગ્રંથોમાં ગાય માતાને ૩૩ કરોડ દેવાતાના વાસ અને કામધેનુનું પ્રતિક ગણવામાં આવેલ છે. શ્રાવણ વદ ચોથનો દિવસ બોળચોથ તરીકે મનાવવામાં આવે છે. આ પરંપરા મુજબ આજે જામનગરના ગોકુલનગર વિસ્તારમાં આવેલ સતવારા સમાજ ખાતે મોટી સંખ્યામાં ઉમટેલ મહિલાઓએ ગાય માતાનું પૂજન કર્યુ હતું અને કૃષ્ણભકિતના ગીતો ગાયા હતા.

# નીટની પરીક્ષામાં જામનગરના પાંચ કેન્દ્રો ઉપર ૧૫૯૯એ પરીક્ષા આપી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ એટલે કે નીટ (નીટ)ની પરીક્ષા શાંતિપૂર્ણ અને સુચારુ માહોલમાં સંપન્ન થઈ હતી. આ મહત્વપૂર્ણ પરીક્ષા માટે તંત્ર દ્વારા શહેરના જુદા જુદા ૫ પરીક્ષા કેન્દ્રો પર તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી હતી.

પરીક્ષામાં આ વર્ષે જામનગર જિલ્લામાં નીટની પરીક્ષા માટે કુલ ૧૬૪૦ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૧૫૯૯ પરીક્ષાર્થીઓએ હાજર રહીને ઉત્સાહપૂર્વક પરીક્ષા આપી હતી, જ્યારે ૪૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. પરીક્ષાના સંચાલન માટે શહેરની ડી.કે.વી. કોલેજ, કેન્દ્રીય વિદ્યાલય નંબર-૧ (સરૂ જવાહર નવોદય સેક્શન), કેન્દ્રીય વિદ્યાલય વાલસુરા, કેન્દ્રીય વિદ્યાલય નંબર-૨ (ઈન્ફન્ટ્રી લાઈન) અને વિદ્યાલય (અલીયાબાડા) ખાતે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય અને પરીક્ષા દરમિયાન કોઈ પણ રહે તે માટે તમામ કેન્દ્રો પર શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત અને કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તમામ કેન્દ્રો પર વિદ્યાર્થીઓને યોગ્ય ચકાસણી બાદ જ પ્રવેશ આપવામાં આવ્યો હતો અને સમગ્ર પરીક્ષા પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી

# ૨૨૬ કરોડથી વધુના ખર્ચે બનેલા જામનગરના ફ્લાયઓવર બ્રિજમાં લોકાર્પણના પહેલાં વર્ષે જ પોપડા ઉખડ્યા!

## ભવ્ય ફ્લાયઓવર... કરોડોનો ખર્ચ... લોકાર્પણને હજુ એક વર્ષ પણ પૂર્ણ થયું નથી, ત્યાં જ બાંધકામની ગુણવત્તા સામે સવાલો

**સમય સંદેશઃ જામનગર**
**(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

જામનગર શહેરની ટ્રાફિક સમસ્યાના નિરાકરણ માટે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલો અને સૌરાષ્ટ્રનો સૌથી લાંબો ફ્લાયઓવર બ્રિજ હાલ બાંધકામની ગુણવત્તાને લઈને ચર્ચામાં આવ્યો છે. આશરે ₹૨૨૬ કરોડથી વધુના ખર્ચે અને ૩,૭૫૦ મીટરની લંબાઈ ધરાવતા આ ફ્લાયઓવરનું ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પરંતુ લોકાર્પણને હજુ એક વર્ષ પણ પૂર્ણ થયું નથી ત્યાં ગુરુદ્વારા ચોકડી નજીક સ્લેબ પાસે બ્રિજની પરિફિટની રોડ સાઇડમાં પોપડું ઉખડી જતા સમગ્ર કામગીરીની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે.







**કરોડોનો ખર્ચ, પણ ટકાઉપણું કેટલું?**

સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાયઓવર તરીકે ઓળખાતા આ બ્રિજને શહેરના વિકાસની મોટી ભેટ તરીકે રજૂ કરવામાં આવ્યો હતો. ૩.૭૫ કિલોમીટર જેટલો લાંબો આ ફોરલેન ફ્લાયઓવર સાત રસ્તા સર્કલથી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા સુધી જોડાણ આપે છે અને ગુરુદ્વારા ચોકડી, અંબર ચોકડી સહિતના મહત્વના વિસ્તારોમાંથી ટ્રાફિકનું ભારણ ઘટાડવાનો હેતુ ધરાવે છે, પરંતુ હવે બ્રિજના સ્લેબ પાસે પોપડું ઉખડતા સામાન્ય નાગરિકોનો સીધો સવાલ છે કે જાહેર નાણાંમાંથી કરોડો રૂપિયાનો ખર્ચ કર્યા બાદ પણ જો એક વર્ષ પહેલા જ બાંધકામની સપાટી ખરાબ થવા લાગે તો કામગીરીની ગુણવત્તાની તપાસ કોણ કરશે?

**લોકાર્પણના એક વર્ષ પહેલાં જ ગુણવત્તા સામે સવાલ**

એક તરફ કરોડો રૂપિયાનો ખર્ચ, બીજી તરફ ભવ્ય લોકાર્પણ અને વિકાસની મોટી મોટી વાતો... પરંતુ બીજી તરફ એક વર્ષ પણ પૂર્ણ થાય તે પહેલાં બ્રિજના ભાગમાં પોપડું ઉખડી જવાની ઘટના સામે આવતા હવે તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

શું બ્રિજ બનાવતી વખતે ઉપયોગમાં લેવાયેલી સામગ્રીની ગુણવત્તા યોગ્ય હતી? શું બાંધકામ દરમિયાન ગુણવત્તા નિયંત્રણની યોગ્ય ચકાસણી કરવામાં આવી હતી? શું બ્રિજનું સમયાંતરે ટેકનિકલ ઇન્સ્પેક્શન કરવામાં આવે છે? અને સૌથી મોટો સવાલ કરોડો રૂપિયાના આ પ્રોજેક્ટમાં આવી ખામી માટે જવાબદારી કોની નક્કી થશે?

**તંત્ર તપાસ કરશે કે માત્ર પોપડો જ પુરાઈ જશે?**

હાલમાં સામે આવેલી આ સ્થિતિને માત્ર સામાન્ય નુકસાન ગણીને સમારકામ કરી દેવાને બદલે સમગ્ર મામલાની ટેકનિકલ તપાસ કરાવવાની માંગ ઉઠી શકે છે. નાગરિકોમાં પણ સવાલ છે કે જો શરૂઆતના સમયમાં જ બ્રિજના હિસ્સામાં પોપડા ઉખાડવા લાગે છે, તો આગામી વર્ષોમાં તેની સ્થિતિ કેવી રહેશે?

કરોડો રૂપિયાના ખર્ચે બનેલો આ બ્રિજ માત્ર જામનગરની ઓળખ નથી, પરંતુ જાહેર નાણાંથી બનેલું મહત્વનું માળખું છે. તેથી બ્રિજના બાંધકામની ગુણવત્તા, ઉપયોગમાં લેવાયેલી સામગ્રી અને કામગીરીની ટેકનિકલ ચકાસણી અંગે તંત્રએ સ્પષ્ટતા કરવી જરૂરી બની છે. હવે જોવાનું એ રહે છે કે આ ઘટનાને તંત્ર ગંભીરતાથી લઈને સમગ્ર બ્રિજની ગુણવત્તાની તપાસ કરાવે છે કે પછી પોપડો પુરાવીને મામલો થાળે પાડી દેવામાં આવે છે? કરોડોના ખર્ચે બનેલા બ્રિજમાં એક વર્ષમાં જ પોપડા ઉખડવાની ઘટના વિકાસની ગુણવત્તા સામે મોટો સવાલ બની છે.

# જામનગરમાં જિલ્લામાં ૯ સ્થળે જુગારની મોજ માણતા ૫૦ ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ધમધમી રહેલા જુગારના અડ્ડાઓ પર પોલીસે લાલ આંખ કરી છે. પોલીસે ગઈકાલે વિવિધ સ્થળોએ કુલ નવ દરોડા પાડીને જુગાર રમી રહેલા ૫૦ શખ્સોની અટકાયત કરી હતી, જ્યારે ચાર શખ્સો નાસી છૂટતાં તેમને ફરાર જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે તમામ આરોપીઓના કબ્જામાંથી રૂ. ૧.૩૦ લાખથી વધુની રોકડ રકમ અને મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ દ્વારા પાડવામાં આવેલા દરોડાની વિગતો મુજબ, પંચકોષી એ ડિવિઝન પોલીસે લાખાણી ગામની સીમમાંથી મનદિપસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા અને હર્ષદિપસિંહ ઝાલાને ઝડપી પાડ્યા હતા, જ્યારે જયપાલસિંહ હાફુભા જાડેજા, જયપાલસિંહ નરેન્દ્રસિંહ જાડેજા, પ્રહાલાદસિંહ જાડેજા અને હનુભા જાડેજા નાસી છૂટતાં ફરાર જાહેર કરાયા હતા. સિક્કા પોલીસે બેડ ગામેથી ધર્મેન્દ્રસીંહ જાડેજા, દિવ્યરાજસીંહ જાડેજા, રામદેવસીંહ સોઢા, લાલજીભાઇ વાઘેલા, મનીષભાઇ વાઘેલા, જયશગર ગોસ્વામી, કાવ્યગર ગોસ્વામી અને લાલજીભાઇ સોનગરાને પકડી પાડ્યા હતા. કાલાવડ ગ્રામ્ય પોલીસે મોટા ભાડુકિયા રોડ પરથી જગદીશભાઇ કંટારીયા, અશ્વિનભાઇ દાફડા, ઘનશ્યામભાઇ સોમૈયા, ગૌતમભાઇ બાબરીયા, દિલીપભાઇ બાબરીયા, હાર્દિકભાઇ ખખડ, મહેશભાઇ કપુરીયા અને જીતેશભાઇ માટીયાની અટકાયત કરી હતી.

આ ઉપરાંત, જામજોધપુર પોલીસે શિવમ સોસાયટીમાંથી નવઘણભાઇ આસાણી, દલસુખભાઇ સંધ્યા, ખેરાજભાઇ મુન, શામળાભાઇ સંધ્યા, ખોડીદાસભાઇ મકવાણા, માલદેવભાઇ ભાન, જેશાભાઇ સંધ્યા અને મોમાયાભાઇ આસાણીને ઝડપ્યા હતા. બજરંગપુર ઉન નદીના કાંઠેથી પંચકોષી એ ડિવિઝન પોલીસે ડાયાભાઇ ચીરોડીયા, નિલેષભાઇ ચાંગાણી, મનસુખભાઇ ચાંગાણી, જીગ્નેશભાઇ દેવમુરારી, નરેશભાઇ સદાડીયા અને જયેશભાઇ ઘાડીયાને પકડ્યા હતા. જામજોધપુર પોલીસે ભેરિયાની ભીત વાડી વિસ્તારમાંથી જીતેન્દ્રભાઇ વિઝુંડા, સુનીલભાઇ બગડા, દેવસીભાઇ ઓડેદરા, રાજુભાઇ ગોરાણીયા, મુરૂભાઇ ઓડેદરા અને અરસીભાઇ સીસોદીયાને ઝડપી લીધા હતા.

મેઘપર પોલીસે ઝાખર ગામેથી અર્જુનસિંહ જાડેજા અને દિવ્યરાજસિંહ જાડેજાને રોકડ સાથે પકડ્યા હતા. પંચકોષી બી ડિવિઝન પોલીસે દરેડ-મસીતિયા રોડ પરથી હબીબ ખફી, મુરાદ ખફી, સબીર મથુપોત્રા અને અબરાર અહેમદ રંગરેજને ઝડપી લીધા હતા. જ્યારે કાલાવડ ટાઉન પોલીસે કૈલાશનગર વિસ્તારમાંથી ધર્મેન્દ્રસિંહ જાડેજા, બાબુભાઈ સાગઠીયા, સંજયભાઇ શેખા અને ગૌતમભાઈ સાગઠીયાને જુગાર રમતાં પકડી પાડી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# જામકંડોરણા નજીક વાડીની ઓરડીમાંથી હાઈપ્રોફાઈલ જુગારધામ ઝડપાતા ચકચાર

## રાજકોટ રેન્જ ટીમે જામકંડોરણા, ગોંડલ અને રાજકોટના ૭ શખ્સોને રૂ. ૨.૭૩ લાખના મુદ્દામાલ સાથે દબોચ્યા



**સમય સંદેશઃ જામનગર**

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં જુગારની પ્રવૃત્તિઓ પર નાથ બાંધવા માટે રાજકોટ રેન્જ પોલીસની ટીમે બાતમીના આધારે જામકંડોરણા પોલીસ સ્ટેશન વિસ્તારના થોરડીગામથી રામપર જવાના રસ્તે આવેલ એક વાડીમાં દરોડો પાડ્યો હતો. પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે વાડીની ઓરડીમાં તીનપત્તીનો જુગાર રમાઈ રહ્યો છે, જેના આધારે વોરંટ મેળવી આ કાર્યવાહી કરવામાં આવી હતી.

દરોડા દરમિયાન વાડી માલિક વિક્રમસિંહ લિલુભા જાડેજા સહિત સ્થાનિક અને બહારથી આવેલા જુગારીઓ જુગાર રમતા મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા ૧,૨૮,૩૦૦/-, ૬ મોબાઈલ ફોન અને ૨ વાહનો કબ્જે કર્યા હતા. આ

અનુ પાના નં.૨ પર

# જામનગરના યુવા બિલ્ડરના મૃત્યુ પ્રકરણમાં ગાંધીનગરથી પોલીસ ટુકડી દોડી આવી

## અડાલજ પોલીસે જામનગરમાં તપાસ કરતા આરોપીઓ હાજર નહિ મળતા સ્થાનિકોની પૂછપરછ કરી

**સમય સંદેશઃ જામનગર**

બિલ્ડર મેરામણભાઈ પરમારના મૃત્યુને લઈને તેમના પરિવારજનોએ કરેલા આક્ષેપ મુજબ આ બનાવ કુદરતી મૃત્યુનો નહીં પરંતુ માનસિક ત્રાસને કારણે ઝેરી પદાર્થ પી આપઘાતનો હોવાનું જણાવાયું છે. આ અંગે તેમના પુત્ર દેવ પરમારે તા. ૨૭ ઓગસ્ટના રોજ અડાલજ પોલીસ મથકમાં ભીખુભા હરીસિંહ વાઢેર, ધવલસિંહ ભીખુભા વાઢેર, વિરેન્દ્રસિંહ ભીખુભા વાઢેર, શૈલેન્દ્રસિંહ ભીખુભા વાઢેર, ગજરાબા ભીખુભા વાઢેર, અનિતાબા વિરેન્દ્રસિંહ વાઢેર, કશ્મીરાબા ધવલસિંહ વાઢેર, પ્રવિણભાઈ શૈલેન્દ્રસિંહ વાઢેર, પ્રવિણભાઈ લક્ષ્મણભાઈ દોમડિયા, કાંતાબેન પ્રવિણભાઈ દોમડિયા અને વિશાલ પ્રવિણભાઈ દોમડિયા સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ જમીન-મિલકતના વ્યવહારો અને નાણાંકીય લેવડદેવડને લઈને મેરામણભાઈને કથિત રીતે માનસિક ત્રાસ તથા વધુ નાણાંની માંગણી કરવામાં આવતી હોવાના આક્ષેપો કરાયા છે. જેના આધારે ગાંધીનગર પોલીસ દ્વારા સમગ્ર પ્રકરણમાં નાણાંકીય વ્યવહારો, બેન્ક સ્ટેટમેન્ટ, જમીન-મિલકતોના દસ્તાવેજો, સબ-રજિસ્ટ્રાર કચેરીના રેકોર્ડ તથા સુસાઇડ નોટ સહિતના પુરાવાઓની તપાસ શરૂ કરવામાં આવી છે.

આજ તપાસના ભાગરૂપે પોલીસની ટુકડી જામનગર આવી હોવાનું જાણવા મળે છે. ગાંધીનગરથી આવેલી પોલીસ ટીમે જામનગર સી-ડિવિઝન પોલીસનો સહયોગ મેળવી આરોપીઓ સાથે સંકળાયેલા હોવાનું જણાવાતા રહેણાક તથા અન્ય સ્થળોએ તપાસ કરી હતી. ખાસ કરીને ખોડિયાર કોલોની નજીકના વિસ્તારમાં ટીમ દ્વારા સ્થળ ચકાસણી કરવામાં આવી હતી. પોલીસના કાફલાને જોઈને સ્થાનિક લોકોમાં પણ ભારે ઉત્સુકતા સર્જાઈ હતી અને કેટલાક લોકો સ્થળ પર એકત્રિત થયેલા જોવા મળ્યા હતા. પોલીસ ટીમે આરોપીઓના રહેણાક, તેમની અવરજવર સાથે સંકળાયેલા સ્થળો તથા

અનુ પાના નં.૨ પર

# ખંભાળીયાઃ પેરોલ જમ્પ કરી નાસી જનાર આરોપી ઝડપાઇ ગયો

**સમય સંદેશઃ ખંભાળિયા**

દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાં રહેતા જાવીદ જુસબ પટેલિયા નામના ૨૫ વર્ષના શખ્સ સામે થોડા સમય પૂર્વે ગીર સોમનાથની કોર્ટમાં નોંધાયેલા ભરણપોષણના કેસ સંદર્ભે અદાલત દ્વારા તેને કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ પછી આરોપી જાવીદ પટેલિયાએ રાજકોટની મધ્યસ્થ જેલ ખાતેથી પેરોલ રજા ઉપર મુક્ત થયા બાદ તે પુનઃ સમયસર હાજર થયો ન હતો અને પેરોલ જમ્પ કરીને નાસી છૂટ્યો હતો.

આ પછી એલ.સી.બી. વિભાગના એ.એસ.આઈ. જગદીશભાઈ કરમુર, કુલદીપસિંહ જાડેજા અને પીઠાભાઈ ગોજીયાને મળેલી બાતમીના આધારે ઉપરોક્ત

અનુ પાના નં.૨ પર




# જન્માષ્ટમી નિમિત્તે દ્વારકા માટે એસટીની ખાસ બસો દોડશે

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ જામનગર દ્વારા દ્વારકમાં જન્માષ્ટમી મહોત્સવને ધ્યાને રાખીને સમગ્ર ગુજરાત રાજયના જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં અલગ-અલગ ભકતો આવતા હોય છે. જેને ધ્યાને લઈને તા. ૨ થી ૬ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન મુસાફરોને આવાગમન માટે જામનગર એસટી વિભાગ દ્વારા એકસ્ટ્રા સંચાલન કરવાનુંઆયોજન કરવામાં આવ્યું છે તેમ વિભાગીય નિયામક જાડેજા દ્વારા જણાવાયું છે.

જુદા જુદા શહેરોમાંથી દ્વારકા આવવા જવા માટે વિવિધ રૂટ ના ભાવ પત્રક ઉપર નજર કરીએ તો

અનુ પાના નં.૨ પર

# છોટીકાશીમાં ત્રીજા શ્રાવણી સોમવારે શિવાલયોમાં ગુંજ્યો હર હર મહાદેવનો નાદ

## વહેલી સવારથી શિવ મંદિરોમાં ભક્તોની ભીડઃ બિલિપત્ર, જલાભિષેક અને રૂદ્રાભિષેક સાથે મેઘરાજાની કૃપા માટે પણ પ્રાર્થના




**સમય સંદેશઃ જામનગર**

'છોટી કાશી' તરીકે પ્રચલિત અને નાના-મોટા અસંખ્ય શિવાલયોથી શોભતા જામનગર શહેરમાં પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારે વહેલી સવારથી જ શિવભક્તિનો અનોખો માહોલ છવાઈ ગયો હતો. શહેરના સુપ્રસિદ્ધ ભીડભંજન મહાદેવ, સિદ્ધનાથ, કાશી વિશ્વનાથ, નાગેશ્વર, નીલકંઠ, વૈજનાથ અને પ્રતાપેશ્વર મહાદેવ સહિતના શિવાલયોમાં 'હર હર મહાદેવ' અને 'બમ બમ ભોલે'ના નાદ ગુંજી ઉઠ્યા હતા. ભાવિકોએ વહેલી સવારથી જ શિવલિંગ પર જળાભિષેક કરી બિલિપત્ર, પુષ્પો અને પૂજા સામગ્રી અર્પણ કરી દાદાના દર્શન કર્યા હતા.

શ્રાવણ માસ અડધો પૂર્ણ થયો હોવા છતાં જામનગર શહેર અને જિલ્લામાં વરસાદની તીવ્ર અછત વર્તાઈ રહી છે, ત્યારે દર્શનાર્થે આવેલા ભક્તોના હૃદયમાં શિવભક્તિ સાથે મેઘકૃપાની પ્રાર્થના મુખ્ય બની રહી હતી. ખેડૂતો અને નગરજનોએ ભગવાન ભોળાનાથ સમક્ષ માથું ટેકવીને 'હે મહાદેવ, હવે તો મેઘરાજાને વરસાવો' તેવી ભાવભીની અરજ કરી હતી. જળાશયો છલકાય અને ખેડૂતોના ઉભા પાકને જીવનદાન મળે તે માટે શિવાલયોમાં વિશેષ રુદ્રાભિષેક અને પૂજા-અર્ચના પણ કરવામાં આવી હતી. શ્રાવણના ત્રીજા

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ગાંધીનગરથી સ્વામિનારાયણ નગર સુધીના ડીપી રોડની કામગીરી અંગે આંદોલનની ચિમકી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ગાંધીનગરથી સ્વામીનારાયણનગર સુધીના ૧૨ મીટર ડીપી રોડને કાઢવા માટે ગત ૨૦૨૨૫ના વર્ષના મે-જુન માસમાં મ્યુ. તંત્રએ ૪૫ આખા મકાનો અને અન્ય અડધા અને પોણા મળીને કુલ ૩૩૧ મકાનોના ડિમોલીશન કરીને ડીપી રોડ કાઢ્યો ખરો પરંતુ આ રોડ સળંગ રીતે લોકોના ઉપયોગમાં આવે તેવો હજી દોઢ વર્ષ પછી પણ નથી બન્યો. તેથી વિસ્તારના પુર્વ મહિલા કોર્પોરેટર દ્વારા ધરણા યોજવાની ચિમકી સાથે મ્યુ. કમિશનરને આક્ષેપો સાથે લેખિત રજુઆત કરવામાં આવી છે.

વોર્ડ નંબર-૪ ના ગત ટર્મના કોર્પોરેટર રચનાબેન નંદાણીયાએ મ્યુ. કમિશનરને લેખિત રજુઆત કરીને જણાવ્યું છે કે, ગત વર્ષે ડિમોલીશન બાદ હવે ડીપી રોડ ખુલ્લો થઈ ગયો છે. જેનું ટેન્ડર બહાર પાડીને વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. પરંતુ હજી સુધી કોઈક કારણોસર અહીં સીસી રોડ બન્યો નથી. વોર્ડના જ એક કોર્પોરેટર દ્વારા આ રોડ થવા દેવામાં આવતો નથી. જેમાં મહાનગરપાલિકાના પદાધિકારીઓ

અનુ પાના નં.૨ પર

# જામનગર જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેનના પુત્રનું હ્દય થંભી ગયું



**સમય સંદેશઃ જામનગર**

જિલ્લા પંચાયત બેઠકના સદસ્ય તેમજ જામનગર જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન રાજેશભાઈ વશરામભાઈ મકવાણાના ૧૬ વર્ષીય પુત્ર પોન્ટીંગનું ગઈકાલે સાંજના સમયે અચાનક હ્દય બેસી જતાં મૃત્યુ થયું છે. તેઓ નાનપણથી જ શ્વાસની તકલીફથી પીડાતા હતા. મૂળ નેસડા ગામના વતની અને હાલ ધ્રોલમાં રહેતા રાજેશભાઈના ધર્મપત્ની જશીબેન નેસડા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે સેવા આપી રહ્યા છે. માત્ર ૧૬ વર્ષની નાની વયે આશાસ્પદ પુત્રના અકાળે અવસાનથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે, તેમજ સમગ્ર જોડિયા-ધ્રોલ પંથક સહિત જામનગર જિલ્લાના રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR,
DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com